# નમાઝનો કિબ્લો મસ્જિદે અક્સાથી મક્કાહની મસ્જિદે હરામ તરફ કેમ ફેરવી દેવામાં આવ્યો?

સંપૂણ ઈતિહાસમાં મક્કાહનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, લોકો દર વર્ષે દુનિયાના ખુણે ખૂણેથી પણ આવી તેની મુલાકાત લે છે, અને અરબના સંપૂણ લોકો તેની પવિત્રતાનું ધ્યાન રાખે છે, જુના કરારમાં પણ આના વિષે ભવિષ્યવાળી કરવામાં આવી હતી, "બક્કાહની ખીણ માંથી પસાર થઇ તેને ઝરણું બનાવતા હતા" [૩૦૦].

અરબના લોકો અજાણતામાં બૈતુલ્ હરામને પવિત્ર માનતા હતા, અને જયારે પયગંબર મુહમ્મદ ﷺ ને મોકલવામાં આવ્યા તો અલ્લાહ તઆલા એ શરૂઆતમાં કિબ્લો મસ્જિદે અક્સા રાખ્યો, ફરી અલ્લાહ એ તેમને આદેશ આપ્યો કે તેઓ પોતાનું મોઢું ફેરવી બૈતુલ્ હરામ તરફ કરી દે જેથી તે બંને લોકો વચ્ચે ફર્ક થઇ જાય જેઓ અલ્લાહ માટે નિખાલસ અને અલ્લાહના પયગંબરનું અનુસરણ કરનારા છે અને જે લોકો અલ્લાહ અને તેના પયગંબર વિરુદ્ધ છે. કિબ્લો બદલવાનો હેતુ એ હતો કે દિલોને ફક્ત અલ્લાહ માટે નિખાલસ કરી દેવામાં આવે, અને તેને અલ્લાહ સિવાયના દરેક લગાવથી પવિત્ર કરવામાં આવે, તો મુસલમાનો એ આ વાતને અપનાવી લીધી અને પોતાનું મોઢું નવા કિબ્લા તરફ ફેરવી દીધું, જેવું કે નબી ﷺ નો આદેશ હતો, અને યહૂદીઓ મસ્જિદે અક્સા તરફ મોઢું કરી પોતાને સત્ય પર હોવાનો પુરાવો સમજતા હતા. (જુનો કરાર, મઝામીર (ઝબૂર): ૮૪).

અને કિબ્લો બદલવાનો બીજો હેતુ એ પણ હતો કે બની ઇસ્રાઈલના લોકો એ જે અલ્લાહ સાથે વચનભંગ કર્યું હતું તેના બદલામાં તેમની પાસે થી સત્તા લઈને અરબના લોકોને આપવાનો હતો.

---

ઇસ્લામ વિશે સવાલ અને જવાબ

Source: https://mawthuq.net/demo/qa/gu/show/110/

Arabic Source: https://mawthuq.net/demo/qa/ar/show/110/

Tuesday 5th of May 2026 07:10:53 AM